જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૨/૨૦૨૧ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૩૫૭/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૨/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૨૬૮	૦	૧૧૨૬૮	૧૭૩૯૦	૦	૧૭૩૯૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૬	૦	૬૨૨૬
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૯	૧	૭૦	૨૭૬	૦	૨૭૬
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૯૭૦	૦	૨૮૯૭૦	૩૦૨૮૩	૦	૩૦૨૮૩
કુલ		૪૫૦૦૯	૧	૪૫૦૧૦	૫૪૧૭૫	૦	૫૪૧૭૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૧	૫,૩૮,૯૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૨	૨૨,૦૦૦

પાસા અટકાયતીની વિગત

નરોડા પોલીસ સ્ટેશન :

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૦૨૪૫૭/૨૦૨૦ ઇ.પી.કો કલમ ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૧૮૨/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૦૭, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૪૭, ૧૪૮, ૧૪૯ જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુના દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૨૮૪/૨૦૨૧ તા.૨૩/૦૨/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૨૩/૦૨/૨૦૨૧ ના કલાક-૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી જીલ્લા જેલ મહેસાણા ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૨૩/૦૨/૨૦૨૧

આરોપીનુ નામ -

"અરુણભાઇ અશ્વિનભાઇ ચુનારા ઉ.વ.૨૫ રહે:મોટો ચુનારાવાસ, મામા કલ્યાણ સામે, નરોડા, અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭

આરોપીનો ફોટો



નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૫૮/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૩ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૩૮ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઇંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૫,૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૩૫૯/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૧ વ્યક્તિની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

ખેંચી ઝુંટવી લઇ ગયા:- **સમાચાર યાદી નં.૩૬૦/૨૦૨૧**

પાલડી : કંચનબહેન વા/ઓ રમેશભાઇ શાહ (ઉ.વ.૬૧)(રહે.પૃથ્વી ફ્લેટ, જૈન સોસાયટી પાલડી) તા.૨૩/૦૨/૨૦૨૧ ના કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પાલડી ચાર રસ્તા ઓયો ટાઉન હાઉસની પાસે રોડ ઉપર પોતાની પુત્રવધુ સાથે એકટીવા પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ અજાણ્યો પુરૂષ કંચનબહેનના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની ફરીયાદ કંચનબહેન શાહ એ પાલડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

શાહીબાગ : ગિરીરાજસિંહ મનહરસિંહ ગોહીલ (ઉ.વ.૫૦)(રહે.શ્યામશ્રી સોસાયટી અક્ષર કુટીર બંગ્લોઝની બાજુમાં મોટેરા ચાંદખેડા) તા.૨૩/૦૨/૨૦૨૧ સાંજના ૭/૧૫ વાગ્યાના સુમારે શાહીબાગ ૧૨૦૦ બેડ હોસ્પિટલના મેઇન ગેટ આગળ રોડ ઉપર એક્ટીવા ચલાવી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક એક્ટીવા ઉપર આવેલ બે અજાણ્યા પુરૂષ એ ભેગામળી ગિરીરાજસિંહના એક્ટીવા ના હુકમાં ભરાવેલ બેગ ખેંચી ઝુંટવી લઇ નાસી ગયા હતા. જે બેગમાં રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- અને અગત્યના દસ્તાવેજો હતા. આ ગુનાની ફરીયાદ ગિરીરાજસિંહ ગોહીલ એ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એ.વાઘેલા ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૩૬૧/૨૦૨૧**

બાપુનગર : અરવિંદસિંહ નારાયણસિંહ રાજપુત (ઉ.વ.૨૬)(રહે.ગુ.હા.બોર્ડ, ત્રણ માળીયા ગાયત્રી મંદીરની બાજુમાં બાપુનગર) એ અગમ્ય કારણસર તા.૨૩/૦૨/૨૦૨૧ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે બાપુનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર જગદિશપ્રસાદ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી